RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 305* Date: 25.08.2023,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## આફ્રિકાના જોહાનિસબર્ગમાં ૧૫મા બ્રિક્સ સંમેલનમાં વડાપ્રધાન મોદી અને ચીની પ્રેસિડન્ટ જિનપિંગ વચ્ચે ટૂંકી મુલાકાત થઈ




,જોહાનિસબર્ગ,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ સમિટ માટે દક્ષિણ આફ્રિકામાં છે. દરમિયાન આ સંગઠનનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. આર્જેન્ટિના, ઈરાન, ઈજીપ્ત, ઈથોપિયા, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત તેના નવા સભ્યો બન્યા છે. જાન્યુઆરી ૨૦૨૪ થી, આ દેશો બ્રિક્સના સત્તાવાર સભ્ય બનશે. બ્રિક્સના સભ્યપદ માટે ૨૩ દેશોએ અરજી કરી હતી. વડાપ્રધાન મોદીએ આજે બ્રિક્સ પ્લસની બેઠકમાં પણ હાજરી આપી હતી. બ્રિક્સમાં હાલમાં પાંચ વિકસતા અર્થતંત્રો બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. હવે નવા સભ્યો ઉમેરાયા બાદ આ સંગઠન બ્રિક્સ પ્લસ તરીકે ઓળખાશે.૧૪ વર્ષ પહેલાં ૨૦૦૯માં બનેલી બ્રિક્સ સમૂહની બેઠક આ વખતે ઘણી મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. એનું એકમાત્ર કારણ આ સંસ્થાના સભ્ય બનવાની સ્પર્ધા છે. લગભગ ૪૦ દેશોએ સંગઠનમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જેમાં સાઉદી અરેબિયા, તુર્કી, પાકિસ્તાન અને ઈરાનનો સમાવેશ થાય છે. આ બેઠકનું કેન્દ્ર બિંદુ જૂથનું વિસ્તરણ હશે. જોકે તેના પાંચ સભ્ય દેશો વચ્ચે આ મુદ્દે કોઈ સહમતી નથી.

બ્રિક્સમાં નવા સભ્ય દેશને ઉમેરવા અંગે, મોટી ચર્ચા આર્જેન્ટિના વિશે છે. આર્જેન્ટિનાનું માનવું છે કે બ્રિક્સના સભ્ય બનીને અર્થવ્યવસ્થાને સુધારી શકાય છે, જ્યાં આ વર્ષે ફુગાવાનો દર ૬૦ ટકા નોંધાયો છે. અમેરિકાના પ્રતિબંધોને કારણે આર્જેન્ટિનાની અર્થવ્યવસ્થા પડી ભાંગી છે. તે એક મોટો તેલ નિકાસકાર દેશ હતો, પરંતુ અમેરિકાના પ્રતિબંધોએ તેલની અર્થવ્યવસ્થાને સંપૂર્ણપણે બરબાદ કરી દીધી છે.

આર્જેન્ટિના અને ઈરાન એવા બે દેશ છે જેને અમેરિકા વિરોધી માનવામાં આવે છે. ઈરાન પણ એવા અરજદારોમાં સામેલ છે જેમની સદસ્યતા આજે મંજૂર થઈ શકે છે. ઈરાન અને ચીન વચ્ચે મિત્રતા વધી રહી છે. આ સંગઠનમાં રશિયા અને ચીન પહેલાથી જ અમેરિકા વિરોધીની યાદીમાં છે. હવે ઈરાન-આર્જેન્ટીનાની સામેલગીરી સાથે, આર્થિક સહકાર સંગઠન સંપૂર્ણપણે અમેરિકા વિરોધી બનવાના માર્ગે છે. બ્રાઝિલને એવો પણ ડર છે કે બ્રિક્સ પશ્ચિમ વિરોધી ક્લબ બની જશે જે યુએસ અને યુરોપમાં તેના હિતોને નુકસાન પહોંચાડી શકે છે. બ્રાઝિલ લાંબા સમયથી આ વિસ્તરણનો વિરોધ કરી રહ્યું છે. જોકે, ૨૦૨૧માં ચીને આર્જેન્ટિનાને બ્રિક્સનો સભ્ય બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.ઉપરાંત, દક્ષિણ આફ્રિકામાં હસ્તાક્ષર કરાયેલ બ્રિક્સના ઘોષણાપત્રમાં, યુએનએસસીમાં બ્રાઝિલ, ભારત અને દક્ષિણ આફ્રિકાના કાયમી સભ્યપદની માગ કરવામાં આવી હતી. આ સિવાય પ્રેસ કોન્ફરન્સ બાદ મોદીએ ઈથોપિયા સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી હતી.પીએમ મોદીએ બ્રિક્સ માટે આમંત્રિત કરાયેલા દેશોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું- ભારતે હંમેશાં બ્રિક્સમાં વિસ્તરણને સમર્થન આપ્યું છે. આ તમામ દેશો સાથે અમારા ગાઢ અને ઐતિહાસિક સંબંધો છે. મને ખુશી છે કે ૩ દિવસની બેઠકમાં ઘણાં સકારાત્મક પરિણામો સામે આવ્યાં છે.

પશ્ચિમી દેશોનું પ્રભુત્વ ધરાવતાં સંગઠનોનું નામ લીધા વિના પીએમ મોદીએ કહ્યું- બ્રિક્સનું વિસ્તરણ દર્શાવે છે કે વિશ્વનાં મોટાં સંગઠનોએ સમયની સાથે બદલાવ લાવવો જોઈએ. એ જ સમયે જે દેશો પ્રથમ તબક્કામાં આ સંગઠનમાં જોડાઈ શક્યા નથી તેમને આ સંગઠનની સદસ્યતા મેળવવા માટે ભારત પોતાનું યોગદાન આપશે.

બ્રિક્સ સમિટમાં પોતાના સંબોધન દરમિયાન પીએમ મોદીએ બ્રિક્સ સમિટને સંબોધિત કરતા ચંદ્રયાન ૩ની સફળતાને દુનિયાની સફળતા ગણાવી હતી. તેમણે કહ્યું કે, ભારતે જે લક્ષ્ય નક્કી કર્યું હતું, તે કોઈએ કર્યું નથી. તે પ્રયાસમાં ભારતને સફળતા મળી છે. આપણા વૈજ્ઞાનિકો માટે આ એક મોટી સફળતા છે. હું મારા તરફથી, મારા દેશવાસીઓ તરફથી, મારા વૈજ્ઞાનિકો તરફથી, આ સફળતા માટે ભારત અને ભારતના વૈજ્ઞાનિકો માટે મને જે અભિનંદન સંદેશાઓ મળ્યા છે, તેનો હું જાહેરમાં આભાર માનું છું.

## એનસીપીમાં કોઈ મતભેદ નથી. એટલું જ નહીં, સુલેએ કહ્યું કે અજિત પવાર પાર્ટીના વરિષ્ઠ નેતા છે,

મુંબઈ,તા.૨૪

એનસીપી નેતા અને શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલેએ મોટો દાવો કર્યો છે. સુપ્રિયા સુલેએ કહ્યું કે એનસીપીમાં કોઈ મતભેદ નથી. એટલું જ નહીં, સુલેએ કહ્યું કે અજિત પવાર પાર્ટીના વરિષ્ઠ નેતા છે, તેમણે ફક્ત અલગ રસ્તો અપનાવ્યો છે.

સુપ્રિયા સુલે કાર્યક્રમમાં હાજરી આપવા પુણે પહોંચી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે,એનસીપીમાં કોઈ મતભેદ નથી. અમારા પક્ષના કેટલાક નેતાઓએ અલગ રસ્તો અપનાવ્યો છે. અમે આ અંગે વિધાનસભા અધ્યક્ષાને પણ ફરિયાદ કરી છે. અજિત પવાર અમારી પાર્ટીના વરિષ્ઠ નેતા છે, જેમણે અલગ રસ્તો અપનાવ્યો છે. શરદ પવાર અમારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છે અને જયંત પાટીલ પ્રદેશ અધ્યક્ષ છે. સુપ્રિયા સુલેનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે એનસીપી પ્રમુખ શરદ પવાર ભત્રીજા અજિત પવારના બળવા બાદ પાર્ટીને ફરીથી બનાવવાના પડકાર સામે લડી રહ્યા છે.

અજિત પવારે ૨ જુલાઈના રોજ તેમના કાકા શરદ પવાર સાથે બળવો કર્યો અને મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે સરકારમાં જોડાયા. પવારે ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને તેમની સાથે ૮ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા હતા. અજિત પવારે દાવો કર્યો હતો કે તેમની પાસે ૪૦ ધારાસભ્યોનું સમર્થન છે. આ મામલે બંને પક્ષોએ ચૂંટણી પંચનો સંપર્ક પણ કર્યો છે.મહારાષ્ટ્રમાં ૨૦૧૯માં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. આ દરમિયાન ભાજપે સૌથી વધુ ૧૦૫ સીટો જીતી હતી જ્યારે શિવસેનાએ ૫૬ બેઠકો જીતી હતી, આ ચૂંટણીમાં એનસીપીને ૫૪ બેઠકો મળી હતી. કોંગ્રેસને રાજ્યમાં ૪૪ બેઠકો મળી હતી. આ ચૂંટણી ભાજપ અને શિવસેનાએ સાથે મળીને લડી હતી. જોકે પરિણામો બાદ બંને પક્ષો વચ્ચે સીએમ પદને લઈને વિવાદ થયો હતો. આ પછી અજિત પવારે શરદ પવાર સામે બળવો કર્યો અને દેવેન્દ્ર ફડણવીસ સાથે જોડાયા અને ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. જો કે, બે દિવસ બાદ અજિત પવારે સમર્થન ન મેળવી શકતાં રાજીનામું આપી દીધું હતું ત્યારબાદ શિવસેનાએ એનસીપી અને કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી. આ સરકારમાં ઉદ્ધવ ઠાકરે સીએમ અને અજિત પવાર ડેપ્યુટી સીએમ બન્યા. જોકે, શિવસેનામાં એકનાથ શિંદે જૂથે બળવો કર્યો હતો. આ પછી શિંદેએ ગયા વર્ષે જૂનમાં ૪૦ ધારાસભ્યો સાથો ભાજપ સાથો મળીને સરકાર બનાવી હતી.

## અમદાવાદના નવા મેયર કોણ બનશે, મણિનગર વોર્ડના કોર્પોરેટર શીતલ ડાગાનું નામ સૌથી આગળ

અમદાવાદ,તા.૨૪

રાજ્યની સૌથી મોટી મહાનગર પાલિકામાં નવા મેયર માટે ક્વાયત તેજ થઈ ગઈ છે. ૯ સપ્ટેમ્બરે અમદાવાદને નવા મહિલા મેયર મળવાના છે. વર્તમાન મેયર કિરીટ પરમાર સહિત ભાજપના ૫ હોદ્દેદારોની મુદ્દત ૯ સપ્ટેમ્બરે પૂર્ણ થવાની છે. તે જ દિવસે છસ્ઝની સામાન્ય સભાની બેઠક મળશે. જેમાં નવા મેયરની ચૂંટણીના આધારે નિમણૂક કરવામાં આવશે. જો કે ભાજપ પાસે બહુમતી હોવાથી મહિલા કોર્પોરેટર મેયરના પદ પર બેસે તે નક્કી જ છે. ત્યારે મેયર પદ માટે અત્યારથી લોબિંગ પણ શરૂ થઈ ગયું છે. મેયર માટે શાહીબાગ વોર્ડના મહિલા કોર્પોરેટર પ્રતિભા જૈન, મણિનગર વોર્ડના કોર્પોરેટર શીતલ ડાગાનું નામ સૌથી આગળ છે. તો ભાજપ મોવડી મંડળ દ્વારા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટને ફરી રિપીટ કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. જો કે સ્ટેન્ટિંગ કમિટીના ચેરમેન બનવા માટે કેટલાક કોર્પોરેટરો લોબિંગ શરૂ કરી દીધું છે.

વર્ષ ૨૦૨૧ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના ૧૫૯ કોર્પોરેટરો અને કોંગ્રેસના માત્ર ૨૫ કોર્પોરેટરો, અન્યના ૭ કોર્પોરેટર જીત્યા હતા. તે વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના મોવડી મંડળે અમદાવાદના મેયર તરીકે ઠક્કર બાપાનગર વોર્ડના કોર્પોરેટર કિરીટ પરમારની પસંદગી કરી હતી. જ્યારે ઓબીસી ક્વોટામાંથી થલતેજ વોર્ડના કોર્પોરેટર હિતેશ બારોટને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. ચાંદખેડાના કોર્પોરેટર અરુણસિંહ રાજપુતને હિન્દીભાષી સમાજને ધ્યાને રાખી દંડકની પોસ્ટ આપી હતી. નારણપુરાના મહિલા કોર્પોરેટર ગીતાબહેન પટેલને ડેપ્યુટી મેયર તરીકે નિમવામાં આવ્યા હતા. સરસપુરના કોર્પોરેટર ભાસ્કર ભટ્ટને પક્ષના નેતાના પદે મૂકાયા હતા. જો કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામત હોવાના લીધે ૯ સપ્ટેમ્બરના રોજ મેયરની અઢી વર્ષની મુદત પૂર્ણ થશે. જેથી મેયર કિરીટ પરમારની જગ્યાએ નવા મેયર મહિલા કોર્પોરેટર બનશે. જે આગામી અઢી વર્ષ સુધી અમદાવાદની કમાન સંભાળશે. ત્યારે નવા મેયર માટે હાલ ભાજપમાં ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. વિવિધ કોર્પોરેટરો પોતાના રાજકીય ગોડફાધરો પાસે જઈને પોતાને હોદ્દો મળે એ માટે દોડધામ કરી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશનના સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ જો વર્તમાન સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન નહીં બદલાય તો મહિલા મેયરના પદે પાટીદાર કે જૈન/વણિક મહિલા કોર્પોરેટરની નિમણૂંક થાય તેવી સંભાવના છે. જૈન સમાજમાંથી આવતા શાહીબાગના કોર્પોરેટર પ્રતિભા જૈન અને મણીનગર વોર્ડના કોર્પોરેટર શીતલ ડાગા પણ રેસમાં આગળ છે. આ સિવાય અન્ય પાટીદાર મહિલા કોર્પોરેટર પણ આવી શકે તેમ છે. પાટીદાર સમાજમાંથી વર્તમાન ડેપ્યુટી મેયર ગીતા પટેલ, લાંભા વોર્ડના ડો. ચાંદની પટેલ પણ રેસમાં છે.. આ સિવાય ક્ષત્રીય સમાજમાંથી વાસણા વોર્ડના સ્નેહાકુમારી પરમાર પણ રેસમાં છે. ત્રણ ટર્મથી કોર્પોરેટર પ્રતિભા જૈન રાજસ્થાની જૈન સમાજમાંથી આવે છે. સિનિયર કોર્પોરેટર અને હાલમાં તેઓ મહિલા અને બાળ વિકાસ કમિટીના ચેરમેન છે. તેઓને કોઈ જૂથના માનવમાં આવતા નથી અને તેઓ તમામ જૂથનું સમર્થન મળે તેવી સંભાવના છે. તેઓ વિવિધ જૈન સમાજની સંસ્થાઓ સાથે અને સમાજની સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા હોવાથી તેનો ફાયદો થાય તેમ છે. મણીનગર વોર્ડના કોર્પોરેટર શીતલ ડાગાની કોર્પોરેટર તરીકે બીજી ટર્મ છે, જેઓ પણ હિંદીભાષી જૈન સમાજમાંથી આવે છે. આ પહેલાં તેમના પતિ આનંદ ડાગા પણ કોર્પોરેટર રહી ચૂક્યા છે. પતિ-પત્ની રાજકીય રીતે વર્ષોથી સક્રિય છે જેથી તમામ જુથ સાથે સંબધ ધરાવે છે અને વર્તમાન મણિનગર ધારાસભ્ય અમૂલ ભટ્ટ, વર્તમાન શહેર પ્રમુખ અમિત શાહ સહિત અન્ય મોટા આગેવાનોનો વિશ્વાસ પણ ધરાવે છે. બીજી તરફ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન અને વર્તમાનમાં ભાજપ તરફથી અમદાવાદ શહેર સંગઠન, એએમસી પ્રભારી તેમજ પ્રદેશ સહ કોષાધ્યક્ષની જવાબદારી સંભાળતા ધર્મેન્દ્ર શાહ પણ શીતલ ડાગાને મેયર બનાવવા માટે પોતાના ચોગઠા ગોઠવી રહ્યા છે. તો પાટીદાર સમાજમાંથી વર્તમાન ડેપ્યુટી મેયર અને નારણપુરા વોર્ડના સિનિયર કોર્પોરેટર ગીતાબહેન પટેલનું નામ પણ ચર્ચાઈ રહ્યું છે.

## કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પણ ચંદ્રયાન-૩ની સફળતા માટે ઈસરોની ટીમને અભિનંદન પાઠવ્યા : ’આ શાનદાર સિદ્ધિથી હું રોમાંચિત છું’



નવીદિલ્હી,તા.૨૪

ચંદ્રયાન ૩ના લેન્ડર ‘વિક્રમ‘ની ચંદ્ર પર સફળ લેન્ડિંગ બાદ ઈસરોના ખૂબ જ વખાણ થઈ રહ્યા છે. આખો દેશ ચંદ્રયાન-૩ની સફળતાનો જશ્ન મનાવી રહ્યો છે. આ સફળ મિશન માટે ઈસરોને વિશ્વભરમાંથી અભિનંદન મળી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઈસરોના પ્રમુખને પત્ર લખીને અભિનંદન પાઠવ્યા છે. ઈસરો પ્રમુખ એસ સોમનાથને સોનિયા ગાંધીએ પત્રમાં લખ્યું કે- આ પત્ર તમને એ જણાવવા માટે છે કે, ગઈ કાલે સાંજે ઈસરોની શાનદાર સિદ્ધિથી હું કેટલી રોમાંચિત હતી. આ તમામ ભારતીયો, વિશેષ કરીને યુવા પેઢી માટે ખૂબ જ ગર્વ અને ઉત્સાહની વાત છે.કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પણ ચંદ્રયાન-૩ની સફળતા માટે ઈસરોની ટીમને અભિનંદન પાઠવ્યા છે. રાહુલે કહ્યું કે, આજની સિદ્ધિ માટે ઈસરોની ટીમને અભિનંદન. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩નું સોફ્ટ લેન્ડિંગ એ આપણા વૈજ્ઞાનિક સમુદાયની દાયકાઓની જબરદસ્ત પ્રતિભા અને સખત મહેનતનું પરિણામ છે. ૧૯૬૨ થી ભારતનો અંતરિક્ષ કાર્યક્રમ નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે અને સ્વપ્ન જોનારી યુવા પેઢીને પ્રેરિત કરી રહ્યો છે.

## ચંદ્રયાન- ૩: સની દેઓલે કહ્યું હિન્દુસ્તાન ઝિંદાબાદ તો સોનુ સૂદે કહ્યું ભારત મહાન!

મુંબઈ,તા.૨૪

ચંદ્રયાન-૩એ બુધવારે સાંજે ચંદ્ર પર સફળતાપૂર્વક પગ મૂકતાં જ આખો દેશ આનંદમાં હતો. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાનની હાજરી નોંધવામાં આવી હતી. ઈસરોની સફળતાની વિશ્વભરમાંથી પ્રશંસા થઈ રહી છે. ચંદ્ર પર પોતાનું અવકાશયાન મોકલનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.આ અવસર પર બોલિવૂડ સ્ટાર્સની પણ ખુશીનો પણ પાર ન રહ્યો. સની દેઓલે તેના ઈન્સ્ટાગ્રામ પર ભારતની આ ખાસ સિદ્ધિની પ્રશંસા કરી છે. સની દેઓલે પોતાની ગદર સ્ટાઈલમાં હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા સાથે એક તસવીર પોસ્ટ કરી છે. સની દેઓલની સાથે સોનુ સૂદ સહિતના તમામ સ્ટાર્સે ચંદ્રયાન-૩ની સફળતા પર અભિનંદન પાઠવ્યા છે.સની દેઓલે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો પોસ્ટ કર્યો છે. આ પોસ્ટમાં સની દેઓલે ચંદ્રયાનની તસવીર પોસ્ટ કરી હતી અને ગદર સ્ટાઈલમાં અભિનંદન પાઠવ્યા હતા. સની દેઓલે લખ્યું, ‘આ ગર્વની ક્ષણ છે, હિન્દુસ્તાન ઝિંદાબાદ હતું, છે અને રહેશે. જય હિંદ, ચંદ્રયાનના સોફ્ટ લેન્ડિંગની સફળતા માટેૈ જીઈને હાર્દિક અભિનંદન.સની દેઓલની સાથે સોનુ સૂદે પણ ટ્વિટર પર ચંદ્રયાનની તસવીર પોસ્ટ કરીને અભિનંદન પાઠવ્યા છે. આ સાથે જ બોલિવૂડના તમામ સ્ટાર્સે દેશની આ ખાસ ઉપલબ્ધિ પર તેમના ઈસરોની પ્રશંસા કરતા દેશભક્તિની વાત કરી છે.આ સાથે જ શાહરૂખ ખાને ચંદ્રયાનની સફળતા પર પોતાની ફિલ્મના ગીતોના ગીતો પણ લખ્યા છે. શાહરૂખ ખાને લખ્યું કે ‘હું ચંદ્ર અને તારાઓને તોડીશ, હું આખી દુનિયાને કવર કરીશ, આજે ભારત અને ઈસરો બંનેએ ચંદ્રને કવર કરી લીધો છે.

## તંત્રી લેખ......

# સરકાર વિરોધથી દેશવિરોધ સુધી

કેટલાક લોકો કોઈ પક્ષ કે નેતા કે પછી સરકાર અથવા સંસ્થાનો વિરોધ કરતાં કરતાં કઈ રીતે દેશ વિરોધની હદ સુધી ચાલ્યા જાય છે, તેનું તાજું ઉદાહરણ આપ્યું અભિનેતા પ્રકાશ રાજે. તેમણે ગત રવિવારે ટ્વિટર (હવે એક્સ) પર ચંદ્રયાન-૩ને લઈને એક ફોટો પોસ્ટ કર્યો. તેમાં લખ્યું - બ્રેકિંગ ન્યૂઝ : વિક્રમ લેન્ડર દ્વારા ચંદ્રથી આવનારી પહેલી તસવીર.' આ ફોટો એક કાર્ટૂન રૂપે હતો, જેમાં એક મલયાલી લાગતા વ્યક્તિને વિચિત્ર મુદ્રામાં એક મગમાંથી બીજામાં ચા રેડતો બતાવ્યો હતો. તેમની આ પોસ્ટ પર લોકો ભડકી ઉઠ્યા. સામાન્ય લોકો સાથે કેટલાય જાણીતા વ્યક્તિઓને ખૂબ ખરીખોટી સંભળાવી. એના પર તેમણે પોતાની સફાઈમાં લખ્યું કે તેઓ તો એ કહેવા માંગતા હતા કે મલયાલી લોકો દુનિયામાં દરેક જગ્યાએ છે અને ત્યાં સુધી કે ચંદ્ર પર પણ. તેમણે એ પણ સમજાવવાની કોશિશ કરી કે જો તમે મારી મજાક ન સમજી શક્યા તો ઉપહાસના પાત્ર તમે પોતે જ છો. એ પ્રશ્ન સહજ રીતે ઉઠે છે કે શું દુનિયા ભરમાં ફેલાયેલા મલયાલીઓ ચ્હા વેચવા માટે ઓળખાય છે?

પ્રકાશ રાજ કોઈ પરિચયના મોહતાજ નથી. તેઓ કન્નડ, તમિલ, તેલુગુ અને મલયાલમ સાથે હિંદી ફિલ્મોમાં પણ કામ કરી ચૂક્યા છે. તેમાંથી કેટલીય હિટ ફિલ્મો રહી છે. તે સામાન્ય રીતે ખલનાયક રૂપે જ પરદા પર આવે છે. વોન્ટેડ, સિંઘમ અને દબંગ-૨ જેવી સફળ હિંદી ફિલ્મોમાં કામ કરવાને કારણે તેમની રાષ્ટ્રીય ઓળખ બની ગઈ છે, પરંતુ હિંદી ભાષાની જે ફિલ્મોએ તેમને માન-સન્માન આપ્યું, તેના પણ તેઓ વિરોધી છે. કેટલાક વર્ષ પહેલાં હિંદી દિવસના અવસરે તેમણે એક એવી ટી-શર્ટ પહેરી, જેના પર કન્નડ ભાષામાં લખ્યું હતું - 'મને હિંદી નથી આવડતી, ભાગો અહીંથી!' શું એ વિચિત્ર નથી કે તેઓ હિંદી ફિલ્મોમાં કામ કરે છે અને હિંદી બોલે પણ છે, પરંતુ તેમને આ ભાષા સ્વીકાર્ય નથી! જો હિંદી ભાષા સાથે આટલું વેર હોય તો તેઓ હિંદી ફિલ્મોમાં કામ શું કામ કરતા હશે? આ છે એમનું ડબલ ઢોલકી વલણ!

## ગઝલ આસ્વાદ :૧૨

તમારી સમીપે ન આવી શકાયું,
છતાં દૂર પણ ના જરાયે જવાયું.

મને સાવ ભૂલી, રહો છો મજામાં,
તમારા સમું ના લગીરે થવાયું.

ઝડપથી આ જીવન તો રહ્યું છે,
નિરાંતે કદી બે ઘડી ના જીવાયું.

નજરને કહું તું રહે સાવ કોરી,
હજુ દુઃખ બિચારું થયું ના સવાયું.

દિવસ રોજ આવી નવો રાગ છેડે,
મને જે ગમે ગીત ક્યાં છે ગવાયું?

મનીષા શાહ 'મૌસમ'

નાઈરોબી , કેનિયાના રહેવાસી જેનું મૂળ વતન મુંબઈ મહારાષ્ટ્ર છે. એમને બચપણથી જ વાંચવાનો ખૂબ જ શોખ. જે એમને એમના મમ્મી પપ્પાના વારસા રૂપે મળ્યો. અંગ્રેજી માધ્યમમાં ભણતાં હોવાથી ગુજરાતી ભાષા લખતાં વાંચતાં ન આવડે. જે એમના મમ્મીને ખૂબ જ ખટકતું. અને ૧૩ વર્ષની ઉંમરે ગુજરાતી વાંચવાનું શરૂ કર્યું. છાપા અને સામાયિક વાંચતાં વાંચતાં નવલકથા વાંચતાં થઈ ગયાં. છેલ્લા ત્રણ વર્ષથી એમણે લખવાનું ચાલું કર્યું છે અને છંદ પણ શીખ્યાં છે. કવયિત્રી મનીષા શાહ 'મૌસમ' ની ગઝલ હું હંમેશા ફેઈસબુક પર વાંચતી હોઉં છું. ગઝલમાં વ્યથા અને વિરહ જોવા મળે છે આ ગઝલ મને વાંચતાં જ ગમી ગઈ.

તમારી સમીપે ન આવી શકાયું,
છતાં દૂર પણ ના જરાયે જવાયું.

શારીરિક રીતે આપણે કોઈનાથી દૂર જઈએ છીએ પણ ખરેખર એનાથી દૂર થઈ શકીએ છીએ? ફક્ત બેજ પંક્તિમાં કવયિત્રી દર્શાવે છે કે તારી નજીક તો હું ના આવી શકી પણ તારાથી દૂર પણ ના જઈ શકી. ઘણીવાર એવું પણ બને કે જેનાથી દૂર હોઈએ એજ દિલથી સૌથી નજીક હોય છે અને એક પથારીમાં સૂતેલા બે શરીર જોજન દૂર હોય છે. મન ના મળે તો સાથે હો કે ના હો કોઈ ફરક પડતો નથી. ઘણીવાર દૂર રહીને પણ કોઈ મનની વાત જાણી લેતું હોય છે. ભલે કિસ્મતથી હારીને તમે સમીપે ના રહી શકો,પણ દૂર પણ ક્યાં જવાય છે?

મને સાવ ભૂલી, રહો છો મજામાં,
તમારા સમું ના લગીરે થવાયું.

બીજી પંક્તિમાં થોડી રીસ બતાવવામાં આવી છે. મને સાવ ભૂલીને તમે મજામાં રહો છો? પણ હું તમારા જેવી જરાપણ ના બની શકી. કોઈ પ્રિય પાત્ર જેને તમે ચાહતા હો એ જો તમને ભૂલી જાય તો તમને કેટલું ઓછું આવે. બસ આજ ભાવના કવયિત્રી દર્શાવે છે. જગજીતસિંહ ની એક પંક્તિ યાદ આવે છે,' મૂજસે બિછડકે ખુશ રહેતે હો ! મેરી તરાહ તુમ ભી જૂઠે હો ! ભલે તમે મજામાં હો પણ મારાથી તમારા જેવું થવાયું નહિ!

ઝડપથી આ જીવન તો રહ્યું છે,
નિરાંતે કદી બે ઘડી ના જીવાયું.

જિંદગીની સફરમાં એવી દોડધામ રહે છે કે જીવન પૂરું થઈ જાય છે. અને ખબર પણ નથી પડતી. પણ જ્યારે જીવન પૂરું થઈ જાય ત્યારે લાગે છે કે નિરાંતે બે ઘડી જીવાયું પણ નહિ. કિશોરાવસ્થા ભણવા ગણવામાં અને ક્યારેક કોઈના ઈન્તેજારમાં નીકળી જાય છે. યુવાની સંસારમાં એડજેસ્ટ થવામાં અને પછી બાળકોમાં સમય પસાર થઈ જાય છે. અને જ્યારે બધા બાળકો પંખી બની ફૂરરર કરી ઊડી જાય છે ત્યારે એકલતા ભરડો લે છે. આમ બેઘડી પણ નિરાંતે જીવાતું નથી.

નજરને કહું તું રહે સાવ કોરી,
હજુ દુઃખ બિચારું થયું ના સવાયું.

નજરને કહું તું રહે સાવ કોરી, આંખને ભલામણ કરવામાં આવી રહી છે કે તું કોરી રહેજે. હજુ દુઃખ સવાયું થયું નથી. દુઃખના ઘણાં ઈમ્તેહાન બાકી છે. હજુ ઘણાં દુઃખ આવવાનાં બાકી છે. અહીં મારી પોતાની જ પંક્તિ મને યાદ આવી ગઈ.''

?? ?? ??,?? ?? ?? ?? ???
??????? ???? ????? ???? ??

દુઃખોની પરંપરા બાકી છે હજુ એક ગમની તમન્ના છે એટલે આંખોને કહ્યું છે કે કોરી રહેજે.હજુ ઘણાં ઘા સહેવાના બાકી છે.

દિવસ રોજ આવી નવો રાગ છેડે,
મને જે ગમે ગીત ક્યાં છે ગવાયું?

સંગીત અને મધુર રાગથી જીવન ભરપૂર છે. દિવસ આવીને રોજ નવો રાગ છેડે છે પણ જે ગીત મને ગમે છે જે ગીત મારા રોમ રોમને પુલકિત કરે છે એ ગીત ક્યાં મારાથી ગવાયું છે. જે ગીતની આગળ બધા ગીત ફીકા પડે છે. જે ગીત ક્યાંક ભૂતકાળના પડળમાં દટાઈ ગયું છે. અને હવે એ ગીત હું ક્યાં ગાઈ શકું છું. ક્યારેક એવું લાગે કે ' એક તું ના મિલા સારી દુનિયા મિલ ભી જાયે તો ક્યાં હે .''મનીષાબેન શાહ નું તખ્ખલ્લુસ 'મૌસમ' છે અને એમની ગઝલમાંથી મૌસમ જેવી ખુશ્બુ આવે છે . ખૂબ સુંદર અર્થસભર ગઝલ આભાર મનીષાબેન!

સપના વિજાપુરા

# બાળમૃતદેહ દફન માટે જગ્યા નથી રાખી અને નિર્લજ્જ શેઠ વેચવા નીકળ્યાં સુરતને

હું મારી જિંદગીમાં પહેલી વખત ૧૯૭૯માં મારાં પિતાજીના અગ્નિ સંસ્કારમાં ચાલતો હાથમાં હાંડી લઈ અશ્વિનીકુમાર સ્મશાનગૃહ ગયો હતો.

પહેલી વખત, મને બહુ લાંબું યાદ નથી. મારી ઉમર ૧૫..૧૬ વરસની. જીંદગી, મોત એ પછી શું એ મારી સમજ બહાર.

મને સ્મશાન ગૃહ ગમ્યું હતું.ખુબ સરસ જગ્યા, શાંતિ શાંતિ શાંતિ .

સૂરતમાં અશ્વિનીકુમાર સ્મશાનગૃહ હિન્દુ રામભક્તો માટે અંતીમવિધિ માટે પવિત્ર ઐતિહાસિક જગ્યા છે.

હું ત્યારબાદ ૧૯૮૦માં એક બાળકની દફનવિધિમાં
સામેલ થયો હતો.

એ કાર્યકાળમાં મેં નાની ૧૬ વરસની ઉંમરે જીવ બચાવવા રક્તદાન કર્યું હતું એ અંકુર નામક બાળકને દફન કરવા ખુબ વિશાળ જગ્યા તાપી નદીના કીનારા પર હતી. મેં જાતે ખાડો ખોદ્યો હતો. વિશાળ જગ્યા હતી.

પછી સુરત વિકાસ પામતું ગયું.
અનેક વખત પુર પ્રલય આવ્યાં.

૨૦૦૬મા તાપી નદીના પાળા રીનોવેશન કરી જે ૫૦૦ મીટર લાંબા કિનારામાં દફનવિધિ કરવાનો રસ્તો બંધ કરી દેવાયો.એક ૩૦૦મીટરનો ટુકડો બ્લોક કરી દીધો. એ પછી હાલત દયનીય છે.

સૂરત શહેર હાલ વસ્તી ૬૦ લાખથીય વધુ છે.

એક સામાન્ય માણસ રત્નકલાકાર ભરત મિયાણીએ ધૂણી ધખાવી સુરત સ્મશાનમાં.

આરટીઆઈ કાર્યકર્તા અને સમાજના જાગૃત ભરતભાઈ મીયાણી દ્વારા ૨૦૧૭માં માનનીય મ્યુ. કમિશ્નર સૂરત શહેરને દફનવિધિ મૃતક બાળકની સારી રીતે દફન વિધી થાય તે માટે જગ્યા ફાળવવા માગણી કરી હતી.

વારંમવાર લેખીત તથા રૂબરૂ અનેક વખત તમામ સત્તાધિશોને , મેયર, મંત્રીઓ, મુખ્યમંત્રી, પક્ષવિપક્ષ, સૌને રૂબરુ લેખિત પ્રાર્થના કરવા છતાં...
બાળ મૃતદેહ શ્વાન ચુંથી ખાય છે.

જાન્યુઆરી ૨૦૨૦મા આંદોલનનુ એલાન જાહેર કરવાની ફરજ પડી,એ આદોલનની સત્તાધિશોને જાણ થતાં.નીરાકરણ માટે છ મહિનામાં યોગ્ય કરવાની મૌખિક બાહેધારી સ્ટેન્ડીગ ચેરમેન /મેયર/મ્યુનિસિપાલ કમિશનર સાહેબશ્રીએ આંદોલનકારી લોકોને આપી હતી. આદોલન મુલતવી રહ્યું હતું.

પરંતુ સમય ઘણોજ વીતી ગયા પછી પણ જગ્યા ફાળવણી ને બદલે મશ્કરી કરી અને અભી બોલા અભી ફોક.

ભરતભાઈને ફરજ પડી.ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી સુધી દરવાજા ખખડાવયા.

ત્યારબાદ લેખીતમા સૂરત મ્યુ. કમિશ્નર પાલિકાએ જવાબ આપ્યો કે અશ્વનીકુમાર બાજુમા પડેલી જગ્યા એમની માલિકીની નથી.

આમ બાળકોનાં મોત અને એમનાં માટે દફન વિધિની જગ્યા લટકાવી રાખી.

મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે ૧૦% જગ્યા સામાજીક ઉપયોગ માટે જે હોય તેમાથી બાળ સ્મશાન માટે જરૂર ફાળવી હોય તો...

બાજુની કોઈ જગ્યા અન્ય ઉપયોગ કરતુ હોય તો ફેરફાર કરીને જગ્યા ફાળવણી કરવામાં આવે તો .

આજુબાજુ ગેરકાયદેસર ઝૂપડા છે.
દબાણ છે .તે જગ્યા બાળસ્મશાન ગૃહને આપે તો .

હાલ આ પ્રશ્ન લટકતી તલવાર છે. જેમના બાળકો મરે છે એમની પીડા એ જ જાણે છે.
સૂરત શહેરમા ટાઉન પ્લાનિંગ વિભાગ હેઠળ અંદાજે ૧૩૦ ટીપી પ્લાનિંગમાં છે. આમા છેલ્લા ચાર દાયકામા અમલમા આવેલા, આમાથી મૂળ ૨૦? ટીપી ફાયનલ થયા છે.

બાકીના ૮૦?ટીપી આજે પણ ખુલ્લા મેદાનમાં છે. તેમા વર્ષો થી રીજરવેશન છે.
ફૂટબોલ બનાવી ૩૫/૪૦વર્ષો થી આજ સુધી ધમધોકાર રમતો રમવામાં આવી રહી છે.

હવે તો મોટા મોટા નેતાઓ કહેવા લાગ્યા છે કે એમનું ઉપજતું નથી.
સત્તાધિશો સત્તાનો ઉપયોગ કરી અમ્પાયર બની સામાન્ય નાગરિકને ભલે નુકશાન થાય બીલડરોને માલામાલ કરવાં કાયદા પણ ટીપી ફેરવી રહ્યાં છે.

સામાન્ય નાગરિકોની જમીન ઉપર રીજરવેશન નાખી ચંદ બીલડરોને જમીન ચોખ્ખી કરી દેવા વરસો વરસથી સત્તાધિશો ગેમ રમવા તલપાપડ છે.?

ખાડ હોય કે રસ્તામા દબાણ હોય,આ બધું ૩૦/૪૦ વર્ષોથી ચાલુ છે.

નેતાઓ આ બધા બોલવાવાળા સીનીયર પણ ૨૦/૨૫ વર્ષો સત્તાઓ જ ભોગવી છે.
એક હથ્થું શાશન છે.

બાળકોનાં મોત અને એમનાં પાર્થિવ દેહને દફનાવવા જગ્યા નથી.

બીજી બાજુ રીજરવેશન જમીનની લે વેચ કે ફાળવણીમાં ફૂટબૉલની રમતો ચાલું જ છે.

૬૦લાખની વસ્તીને અશ્વિનીકુમાર સ્મશાન ગૃહ જે આસ્થાનું પવિત્ર સ્થળ છે. ત્યાં
બાળસ્મશાન ગૃહની દફનવિધિ કરવા પવિત્ર જગ્યા માટે સુરતની જનતા જનાર્દન હાલ ફાફાં
મારે છે.

એક બાળકને દફનાવવા ખાડો ખોદ્યો તો ચાર પાંચ બાળકના મૃત અવશેષ બહાર નીકળી આવે છે.હજી હાલ મા તા ૨૩/૦૮/૨૦૨૩ના રોજ ઈમેલ દ્વારા અને રજીસ્ટર કરી ભરતભાઈ મિયાણીએ લેખીતમા વડાપ્રધાન નરેન્દ્રભાઈને સુરતની જનતા વતી જાહેર ફરીયાદ કરી સાથે સાથે સૂરત શહેરના નેતાઓની ૪૦વરસની કરની અને કથની મોકલી છે.

ચંદ્ર ઉપરના ખાડા સુરતના લોકો જુએ છે. બાળકોને દફનાવવા ખાડા ખોદવા જગ્યા મળતી નથી.

મારો દેશ મહાન.
મોદી હૈ તો મુમકિન હૈ.
અચ્છે દિન આયેંગે.

બસ હવે ખાડા જ શોધતાં રહો. એકમેક વચ ખાડા ખોદી લો.

બાકી કોણ કેટલું જીવ્યું અને કોણ કોણ કેટલું જીવશે?
જીવ્યા પછી જમીનમાં દફન થાઓ ત્યારે જગ્યા મળશે કે નહીં એ મારો રામ જાણે ?
છેલ્લે છેલ્લી અપિલ: ભગવાન કરે એવું ના થાય.જો આપનું બાળક અકાળ મૃત્યુ પામે તો બાળસ્મશાન ગૃહમાં દફનાવવા બદલે આપના આંગણામાં જ દફનાવજો.

ભસતા ભાષણ ઠોકતા કૂતરાંઓથી સાવધાન !

દિપક પટેલ શિક્ષક. સુરત.
આરટીઆઈ કાર્યકર્તા.

# અશાંત ધારો કહેવાતી હિન્દુત્વ ની સરકાર માં શું હિન્દુ દંડાય તેની જવાબદારી કોની?

ગુજરાત હાઈ કોર્ટ નાં એક ચુકાદા માં જણાવવામાં આવ્યું કે અશાંત ધારા ના કેસ માં ત્રીજા વ્યક્તિ અર્થાત્ પાડોશી ને હસ્તક્ષેપ કે બોલવાનો કે વિરોધ કરવાનો અધિકાર નથી. આટલું જ નહિ પણ ફરિયાદી પાસે ૨૫૦૦૦ હજાર રૂપિયા દંડ પણ ફટકાર્યો !

આનો અર્થ એ થયો કે કોઈ હિન્દુઓ ની સોસાયટી + પોળ + મહહોલા + ગામ માં કે એપાર્ટમેન્ટ + ફ્લેટ માં કોઈ હિન્દુ ના ઘરને અડી ને આવેલ ઘરમાં કોઈ વિધર્મી આવી ને રહે તો પાડોશી + સેક્રેટરી + ચેરમેન ને વિરોધ કરવાનો કોઈ અધિકાર નથી. તો પછી આ અશાંત ધારો બનવાનું જરૂરત જ કેમ પડી ? ગુજરાત હાઈકોર્ટ આ વિષય ને કેમ ધ્યાનમાં લેતાં નથી ? મિલકત તબદીલી માં સૌપ્રથમ કોઈ પ્રભાવિત થાય છે તે હોય છે પાડોશી. તો પાડોશી કેમ વિરોધ ન કરી શકે ?

મારો પ્રશ્ન એ છે કે કેમ પાડોશી હિન્દુ ને બોલવાનો કે વિરોધ કરવાનો અધિકાર કેમ નથી ? ત્રીજો વ્યક્તિ ( પડોસી ) અશાંત ધારા અંતર્ગત વિરોધ ન કરી શકે તેવી કોઈ જોગવાઈ અશાંત ધારા ની કલમો માં ક્યાંય નથી. પછી ત્રીજા વ્યક્તિ કે પાડોશી ની વાતને માન્યતા ન આપવી તે ન્યાયસંગત નથી.

દુર્ભાગ્ય એ છે ત્રીજા વ્યક્તિ + પાડોશી + હિન્દુ સંગઠન ના વકીલો અસરકાર દલીલો કોર્ટમાં નથી કરતાં. એટલુજ નહિ સરકારી વકીલ પણ અશાંત ધારા ની કલમો નું અવલોકન કરી અસરકાર અર્થઘટન ની તિક્ષણ દલીલો પ્રસ્તુત નથી કરતાં ?
કાલ ઉઠીને હિન્દુ વ્યક્તિ નાં સંસ્કાર વિરુદ્ધ મુસ્મિક વ્યક્તિ નું આચરણ હશે તો આ મૌન અત્યાચાર નો શિકાર હિન્દુ બનશે કે નહિ ? અને આમને આમ ચાલતું રહેશે અને ધર્મને આધારિત જનસંખ્યા નું સંતુલન ખોરવાશે તો તેનો જવાબદાર કોણ ?
ધીરે ધીરે કરી ને મુસ્લિમ જનસંખ્યા વધશે અને હિન્દુ બાહુલ્ય ધરાવતો વિસ્તાર માં હિન્દુ અલ્પ સંખ્યક બનશે તો જવાબદાર કોણ ?
મુસ્લિમ જનસંખ્યા વધશે એટલે મસ્જિદ બનશે + કબ્રસ્તાન જોઈશે + મટન ની લારી દુકાન બનશે + સાર્વજનિક સ્થાન પર નમાજ પડશે તો આ માટે કોણ જવાબદાર ? અને આબધી સમસ્યા ને કારણે ઘર્ષણ થવાની શક્યતા ને નકારી ન શકાય.

અશાંત ધારા ની મૂળભૂત ભાવના માં શાંતિ છે. શાંતિ માટે જ અશાંત ધારાની જરૂરત સરકાર ને જણાઈ માટે અશાંત ધારો અસ્તિત્વ માં આવ્યો. પણ હવે તેનો હેતુ જ બદલાઈ ગયો હોય તેવું દેખાય છે.
શું સરકાર શ્રી + હાઈ કોર્ટ એવી જવાબદારી લેવા તૈયાર છે કે જ્યાં અશાંત ધારો લાગુ છે ત્યાં વિધર્મી ને મિલકત નાં વેચાણ થી ત્રીજા વ્યક્તિ નું કોઈ ધાર્મિક + સાંસ્કૃતિક સંસ્કાર નું હનન નહિ થાય કે અડચણ ઊભી નહિ થાય કે હિન્દુઓ નાં જીવન નાં મૂળભૂત અધિકાર ની અવહેલના નહિ થાય ?
જો સરકાર કે હાઈકોર્ટ આવી જવાબદારી ન લઈ શકતા હોય તો ત્રીજા પક્ષકારોના અધિકારો નું સમ્માન કરી તેને પોતાનો પક્ષ પ્રસ્તુત કરવાનો અધિકાર હોવો જ જોઈએ. અને તોજ સાચા અર્થમાં અશાંત ધારા નાં હેતુ નું રક્ષણ થઈ શકશે.
અને સૌથી મહત્વ ની વાત જે છે તે હું જાણવું છે તે વાત આજ સુંધી વકીલો કોર્ટમાં કેમ રજૂ નથી કરી ? જો આ દલીલ રજૂ કરી હોત તો ત્રીજા પક્ષ + પાડોશી નો વિરોધ કોર્ટમાં એક ક્ષણ ન ટકી શકે. ★અશાંત ધારા ની કલમ ૬(ગ) માં સ્પષ્ટ જણાવ્યું છે કે અસરગ્રસ્ત વ્યક્તિને સુનાવણી ની વાજબી તક આપ્યાં વગર કોઈ પણ હુકમ કરવો જોઈએ નહિ.★
જે રીતે પૂર્વોત્તર રાજ્યોમાં + કાશ્મીર માં + પ બંગાળ માં + રાજસ્થાન + ઉત્તર પ્રદેશ + ઉત્તરા ખંડ + હિમાચલ પ્રદેશ બિહાર + ઝારખંડ + આંધ્રપ્રદેશ + કેટલાં જેવા રાજ્યો નાં ઘણાં વિસ્તારો માંથી હિન્દુઓ ને પલાયન કરવું પડ્યું છે અને હજી પલાયન થઈ રહ્યું છે તેવી સ્થિતિ નું નિર્માણ ગુજરાત માં ન થાય તેની જવાબદાર ગુજરાત સરકાર ની છે.

ગુજરાત ના અમુક પ્રમુખ કોટ વિસ્તાર માં અશાંત ધારો હોવા છતાં હિન્દુ જનસંખ્યા નિરંતર ઘટતી ગઈ છે તે વિષય પર વિશ્લેષણ કરવું અનિવાર્ય છે.

હાલના હાઈકોર્ટ નાં ચુકાદા થી સ્પષ્ટ થાય છે કે અશાંત ધારા નું કોઈ મહત્વ કંઈ નથી. હિન્દુ છેતરાયો હોય તેવું અનુભવી રહ્યો છે. હિન્દુઓ નાં અધિકાર નું મહત્વ હવે માટે મતદાર થી વિશેષ કશું નથી ? જે લોકો કે અધિકારી એમ કહે છે કે શાંતિ + સૌહાર્દ + ભાઈચારા ને જાળવી રાખવું જોઈએ તે લોકો પોતાનું ઘર વિધર્મી ના ઘરની પાસે રહેવા જવું જોઈએ. માત્ર એક વર્ષ રાહેવની જરૂર છે. જો તમે તમારું ઘરની પડોશમાં કોઈ વિધર્મી સાથે રહેવા તૈયાર નથી તો અસરગ્રસ્ત હિન્દુ ને પૂરું જીવન આ સ્થિત સાથે જુજવું પડશે તેની કલ્પના કરો.

કોર્ટમાં વકીલો અશાંત ધારા ની જોગવાઈઓ નું સાચું અર્થઘટન પ્રસ્તુત કરે તો ત્રીજા વ્યક્તિ કે પાડોશી ને કોઈ સમસ્યા + અડચણ + સંકટ નો સામનો કરવો ન પડે.

★મારા મતે તો અશાંત ધારા ની કલમ ૬ (ગ ) અસરગ્રસ્ત વ્યક્તિ અર્થાત્ પીડિત + પાડોશી + ત્રીજી વ્યક્તિ અશાંત ધારા માં પોતાનો પક્ષ પ્રસ્તુત કરી શકે છે.★

કોર્ટમાં થતાં ખોટા અર્થઘટન સામે સરકાર શ્રી એ હસ્તક્ષેપ કરી ને પુનઃ અશાંત ધારા ની જોગવાઈઓ નું વિશ્લેષણ + અર્થઘટન પરિપત્ર દ્વારા સાર્વજનિક કરવું જોઈએ. દરેક જાગૃત હિન્દુ વ્યક્તિ પોતાના ચૂંટાયેલા નેતા ને આ વિશે અવગત કરાવે અને યોગ્ય ટિપ્પણી વિધાનસભા ના પટલ પર અસરકાર રજુવત કરે તેમાટે નેતા ને જાગૃત કરવા જોઈએ.



શ્રાવણ માસ નિમિત્તે એસ એન કે સ્કૂલમાંથી નાના બાળકો ભગવાન શ્રી સોમેશ્વર મહાદેવ નું પૂજન અર્ચન અને ભજન કરવા આવ્યા હતા. તેઓના ક્લાસ ઈનચાર્જ બહેનોએ તેઓને શ્રાવણ માસ નિમિત્તે ભગવાન શિવના ભજન ખુબજ ભાવથી ગવડાવ્યા હતા. નાના બાળકોએ પણ ભાવથી ભજન અને દર્શન કરી ભગવાનને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## મોડાસાના અલગ અલગ વિસ્તારમાંથી રાહદારીઓના મોબાઈલ તફડાવનાર બંટી બબલી ઝડપાયા

મોડાસા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી રાહદારીઓ ના મોબાઈલ ઝુટવવાના કિસ્સાઓ વધવાપામ્યા હતા ત્યારે ૧૯ ઓગસ્ટ થી ૨૧ ઓગસ્ટ સુધીમાં મોબાઈલ ચોરીના છ ગુનાઓ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન નોંધાતા મોડાસા ટાઉન પીઆઈ ડી કે વાઘેલા તથા તેમના સ્ટાફ દ્વારા સઘન તપાસ હાથ ધરતા તેમજ નેત્રંમની મદદથી આરોપીની ઓળખ છતી થતા નંબર વગરના એકટીવા પાછળ એક મહિલાને બેસાડી ગુનાને અંજામ આપવા છેલ્લા ત્રણ દિવસથી સનસીટી ગેસ્ટ હાઉસમાં આરોપી રોકાયો હતો પોલીસે ૨૨ વર્ષે આરોપી અયાન અનીશમિયા રહેવાસી સૈયદ વાળી પાસે વટવા અમદાવાદ તથા ૨૬ વર્ષીય ચાંદની અનીસમિયા શેખ અમદાવાદની અટકાયત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે ટાઉન પોલીસે યુવક પાસેથી ૬ મોબાઈલ અને એકટીવા સહિત કુલ ?૧,૫૭,૦૦૦ ના મુદ્દામાંલ જપ્ત કરેલ છે જપ્ત કરેલ છે

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO.0059
વિષય: શ્રાવણ ના સરવડા
પ્રકાર: પદ્ય-હાઈકુ-દશ

લેખક: જયકાન્ત ઘેલાણી ,પ્યારે"

જો ઓછા શબ્દે,
હાઈકુ? ઓછી વર્ષા
તે સરવડા!

કૃષ્ણ પ્રસ્થાન
ગોકુળ થી મથુરા
વરસ્યા ફોરા!

ખરીફ પાક
નિપજે જો બમણો
તો સરવડા!

ભીની છે ઋતુ
વાતાવરણ શાંત
ફોરા વરસે!

મેઘ પ્રકાર
અનેક પણ તેમા
સરવડા-૧?

મેઘ સવારી
તોફાની, તેમાં શાન્ત,
તે સરવડા!

વર્ષે સરૈયા,
ખેડુત હરખાય,
પાક બમણો!

બાળ ગોપાળ
રમે છબછબીયા
વર્ષે સરૈયા

વરસે ધીમો
પ્યારે ગણત્રી મોટી
અમીછાંટણા!

વર્ષે શ્રાવણે,
ગતી ધીમી ને શાન્ત
છે સરવડા!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0092
પ્રકાર - પદ્ય
વિષય - વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષક:- ગરિમાપૂર્ણ માતૃભાષા ગુજરાતી

જેના અંકે બેસી,
રસપાન કર્યા સાહિત્યના.
જેણે પરિચય કરાવ્યા,
જડ, ચૈતન્ય અને કુદરતના.

એવી ગરવી મારી,
માતૃભાષા ગુજરાતી.
ગર્વ સદાય એના નામનો,
દેશ-વિદેશમાંય એ મહેકાતી.

શીખી હું મા પાસેથી,
ને શીખવાડી નવી પેઢીને.
આ એક પરંપરાય છે,
જે જોડતી છૂટીછવાયી કડીઓને.

બાર ગાઉએ બદલાતી તોય,
મૂળ રૂપને ક્યારેય ના ખોતી.
બોલે જ્યારે કોઈ,
ઝટ એનો મલક લેતા સહું ગોતી.

શહેરોમાં એ અલંકારો પામતી,
ને ગામડામાં લહેકે બોલાતી.
પરદેશમાં જ્યારે સાંભળીએ ત્યારે,
પોતાનાપણું મનમાં જગાવતી.

અંગ્રેજીથી દોસ્તી મારી,
હિન્દી દ્વારા દેશમાં હું ફેલાતી.
પણ ગુજરાતીના વડપણા હેઠળ,
ગજ-ગજ ફુલતી છાતી.

ઉપાસકો એના અમર થયા છે,
નરસિંહ, અખો ને નર્મદ.
ક્યાંક ભક્તિરસ રેલાવતી,
તો ક્યાંક વીરરસથી જગાવતી મર્દ.

અમર મા તારું નામ સદાય,
નવલા રૂપે નિત સાહિત્યમાં પોરસાતી.
પ્રણ લઉ છું હું આજ તારી સેવાને કાજ,
હુંય એક છેલ છબીલી ગુજરાતી.
અલકા નવિનચંદ્ર મહેતા. ગાંધીનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

N. . O. G . S. S. No. 0102.
વિષય:-શ્રાવણના સરવૈયા.
શીર્ષક:-સરવૈયા નો શ્રાવણદમાસ.
શબ્દ:-૧૩૦.
લેખક:-રતીલાલ વાયડા
રચના:-

અધિક શ્રાવણ માસ પૂરો થયો અને હવે ફરી પાછો સરવૈયા શ્રાવણ માસ આવ્યો.

આમતો શ્રાવણ માસમ ભગવાન શ્રી શંકર નો પૂજાનો માસ છે. ભારતમાં ગામે ગામ શંકરનું મંદિર આવેલું છે. ભારતમાં ભગવાન શંકરના બાર જ્યોર્તિલિંગો છે. દરેકનું વિશેષ મહત્વ હોય છે. આ બધી મંદીરોમાં ભગવાન શંકરની પૂજા આરાધનાકરવામાં આવે છે.

ભગવાન શંકર શંકર ભોળાં દેવ છે,અને ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે.

. શ્રાવણ માસમાં સરવૈયા ચાલુ હોય છે. વારંવાર વરસાદના ઝાપટાં પડે છે. જાણે શંકર ભગવાન રાજી થઈ હેત વરસાવે છે. શ્રાવણના સરવૈયામાં બાળકો નાહતાં હોય છે.

ખેડુતો ખૂબ આનંદ રહેતા હોય છે. ખેતરમાં મોલ ડોલતા હોય છે.પંખીના કલરવથી વાતાવરણ સુંદર લાગેછે.

શ્રાવણમાસમાં અનેક ધાર્મિક તહેવારો આવેછે.સાતમ,આઠમના મેળા ભરાય છે.લોકો ઉત્સાહથી.ભાગલેછે.

સાથે શ્રાવણના સરવૈયયા ચાલુજ હોય છે.કોઈ પ્રેમી દિલ મેળામાં મળી જાયછે.

શ્રાવણના સરવૈયા માનવજીવનમાં ઉત્સાહ વર્ધક છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No :- 0038
વિષય :- શ્રાવણ ના સરવૈયા
વિભાગ :-પદ્ય
શીર્ષક :-શિવજી નો મહિમા

શિવજી તારો મહિમા ન્યારો રે,
કહેવાય તું ભભૂતિ વાળો રે.

તારે ગળે નાગ સોહામણો રે,
તું કૈલાસમાં વસનારો રે.

ભોળા ભાવે તું ભક્તોને મળનારો રે,
તારી કૃપાથી ભક્ત હરખાતો રે.

શ્રાવણ માસે મહિમા તારો ગવાતો રે,
શિવ શિવ કહી ભક્ત ઘેલો થાતો રે.

વસતો પર્વતે ને કૃપા વરસાવતો રે,
શ્રાવણ માસે તું ગગને શોભતો રે.

શીલાપટેલ "આકાંક્ષા"

# એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.૩૦ અને ચાંદીનો વાયદો રૂ.૩૯૦ ડાઉનઃ ક્રૂડ તેલમાં રૂ.૧૭ની નરમાઈ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૪૪,૬૨૦ સોદાઓમાં કુલ રૂ.૨૬,૬૭૮.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૬૦૬.૨૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૦૦૫૫.૧૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૬,૧૭૬ સોદાઓમાં રૂ.૩,૭૭૨.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૮૬૮ અને નીચામાં રૂ.૫૮,૭૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦ ઘટી રૂ.૫૮,૭૮૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨૨ ઘટી રૂ.૪૭,૨૨૦ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯ ઘટી રૂ.૫,૮૩૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૫૮,૪૩૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૩,૮૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૩,૯૦૦ અને નીચામાં રૂ.૭૩,૪૨૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૯૦ ઘટી રૂ.૭૩,૬૧૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪૦૨ ઘટી રૂ.૭૩,૩૨૦ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪૧૬ ઘટી રૂ.૭૩,૩૪૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૬૨૨ સોદાઓમાં રૂ.૧,૪૧૪.૫૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૩૯.૩૦ના ભાવે ખૂલી, રૂ.૪.૬૦ ઘટી રૂ.૭૩૪.૩૦ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૫ ઘટી રૂ.૧૯૭.૭૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૨૧૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૦ ઘટી રૂ.૧૯૮.૨૫ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૩.૮૫ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૦.૨૦ વધી રૂ.૨૧૨.૩૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૦,૯૦૫ સોદાઓમાં રૂ.૧,૩૭૨.૪૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૫૦૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૫૬ અને નીચામાં રૂ.૬,૪૬૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૭ ઘટી રૂ.૬,૫૩૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧૬ ઘટી રૂ.૬,૫૩૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૬ના ભાવે ખૂલી, રૂ.૪.૬૦ ઘટી રૂ.૨૦૨.૪૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૪.૬ ઘટી ૨૦૨.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૪૬.૩૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૭૦૦ અને નીચામાં રૂ.૫૯,૧૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૦ ઘટી રૂ.૫૯,૧૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૪.૧૦ ઘટી રૂ.૯૪૫.૭૦ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૧૦૩.૮૯ કરોડનાં ૧,૮૭૮.૦૩૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૬૬૯.૦૫ કરોડનાં ૩૫૯.૫૮૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૩૬૭.૨૭ કરોડનાં ૫,૬૩,૭૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૦૫.૧૮ કરોડનાં ૪,૮૨,૦૭,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૫૮.૦૯ કરોડનાં ૭,૯૫૧ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૦.૯૮ કરોડનાં ૨,૨૦૯ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭૬૮.૬૪ કરોડનાં ૧૦,૪૬૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૪૬.૮૦ કરોડનાં ૨૦,૯૩૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૩.૩૭ કરોડનાં ૨,૨૫૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩૨.૯૫ કરોડનાં ૩૩૭.૩૨ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૫૦૬.૩૧૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૬૧.૫૦૧ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૭૩૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૫,૬૩૯ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૬૫૯ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૫,૦૭૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૭૭,૨૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૭,૪૫,૦૮,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૪,૪૦૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૫૧૦.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૭.૪૬ કરોડનાં ૨૨૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૫૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૮૫૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૮૯૫ અને નીચામાં ૧૫,૮૨૦ બોલાઈ, ૭૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૧ પોઈન્ટ ઘટી ૧૫,૮૪૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૦૦૫૫.૧૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૯૧.૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૬૦૦.૫૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૦૬૭૫.૪૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૦૭૪.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૪૭.૭૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૩.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૯ અને નીચામાં રૂ.૧૯૫.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬.૮૦ ઘટી રૂ.૨૨૯.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭૫ ખૂલી, ઉપરમાં રૂ.૧.૭૫ અને નીચામાં રૂ.૦.૨૦ રહી, અંતે રૂ.૧.૩૫ ઘટી રૂ.૦.૨૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯૯ અને નીચામાં રૂ.૫૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮.૫૦ ઘટી રૂ.૫૭૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪ ખૂલી, ઊપરમાં રૂ.૪૭ અને નીચામાં રૂ.૨૨.૫૦ રહી, અંતે રૂ.૧ વધી રૂ.૩૫ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૮૦ના ભાવે ખૂલી, રૂ.૧૮૪ ઘટી રૂ.૩૧૭ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ

આભાર - નિહારીકા રવિયા રૂ.૨,૭૨૫ના ભાવે ખૂલી, રૂ.૧૬૦.૫૦ ઘટી રૂ.૨,૫૭૧ થયો હતો. તાંબુ સપ્ટેમ્બર રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૬૫ ઘટી રૂ.૧૦.૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૨.૯૦ અને નીચામાં રૂ.૧૭૬.૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧ વધી રૂ.૧૮૬.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૫૫ ખૂલી, ઉપરમાં રૂ.૧.૨૦ અને નીચામાં રૂ.૦.૫૫ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૧ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૬.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪૦.૫૦ અને નીચામાં રૂ.૨૮૬.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩ વધી રૂ.૩૩૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૭ અને નીચામાં રૂ.૧૮.૫૦ રહી, અંતે રૂ.૧ વધી રૂ.૨૭ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૭૮.૫૦ના ભાવે ખૂલી, રૂ.૬૯ વધી રૂ.૨૪૬.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૮૮ના ભાવે ખૂલી, રૂ.૮૫ વધી રૂ.૧,૫૯૧.૫૦ થયો હતો. તાંબુ સપ્ટેમ્બર રૂ.૭૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૧.૪૯ વધી રૂ.૧૧.૪૯ થયો હતો.

# ડી.સી. ફીજીકલી ચેલેનઝ લાયન ભાવિન પરમારને "દિવ્યાગતા ક્ષેત્રે" વિશિષ્ઠ સેવાકીય કામગીરી કરવા બદલ લાયન્સ કલબ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટના સ્પેશિયલ ડાયમંડ એવોર્ડથી નવાજવામાં આવ્યા




ડી.સી.ફીજીકલી ચેલેનઝ લાયન ભાવિન પરમાર ને "દિવ્યાગતા ક્ષેત્રે" વિશિષ્ઠ સેવાકીય કામગીરી કરવા બદલ લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટના સ્પેશિયલ ડાયમંડ એવોર્ડથી નવાજવામાં આવ્યા લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-મ૧ દ્વારા તા.૧૫.૮.૨૦૨૩ના રોજ વિશિષ્ઠ સેવાકીય કામગીરીને બિરદાવવા બદલ એવોર્ડ સેરિમનીનું આયોજન હોટલ હયાત,આશ્રમ રોડ ખાતે કરવામાં આવ્યું હતું.જેમા ડી.સી.ફીજીકલી ચેલેનઝ લાયન ભાવિન પરમાર ને "દિવ્યાગતા ક્ષેત્રે" સુંદર કામગીરી કરવા બદલ ★ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન કમલેશ શાહ★ ૩૨૩૨ મ-૪ વડોદરાના હસ્તે ★સ્પેશિયલ ડાયમંડ એવોર્ડ★ એનાયત કરવામાં આવ્યો હતો જે ધોળકા માટે ગૌરવ લેવા જેવુ છે.

આ ઉપરાંત લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-મ૧ના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન રસિકભાઈ પટેલ તરફથી પણ લાયન ભાવિન પરમાર ને "દિવ્યાગતા ક્ષેત્રે" સુંદર કામગીરી બદલ ઑૅકિષ્ઠટ્રીક છૌષ્ઠૈટ્રૈહ એનાયત કરવામાં આવ્યું હતું.

# ઈસરો અને તેના જાંબાઝ વૈજ્ઞાનિકોની કામગીરીથી કેટલા ભારતીયો વાકેફ છે?



આપને ચંદ્ર પર પહોંચી ગયા છે.ઈસરો અને તેના તમામ વૈજ્ઞાનિકોની મહેનત રંગ લાવી છે ઈસરો અને ભારતના અત્યાર સુધીના તમામ વૈજ્ઞાનિકોને કોટી કોટી નતમસ્તક વંદન.આપણા. માટે ખરેખર ગર્વ અને અભિમાન લેવા જેવી ઘટના છે તમામ ૧૪૦ કરોડ ભારતીયોને સુપર દુપર અભિનંદનઆ સાથે આપણને ભારતીયોને સામાન્ય માણસને શું લાભ થવાનો છે? શું ફાયદો થવાનો છે?વર્તમાન સમાજ વ્યવસ્થાને કોઈ અસર થશે ખરી? આ સિદ્ધિ કોઈ એક પક્ષની નથી.દરેક પક્ષ દરેક ભારતીયની છે છતાં તમે કાલે જોશો કે આમાંથી વધુમાં વધુ લાભ કઈ રીતે મેળવી શકાય એ જ રાજકારણીઓ વિચારતા હશે વેપાર કામધંધાને કઈ ગતિ મળશે? ખેતી માટે હવામાન વરસાદ વાવાજોડુંની માહિતી આગળથી મળી શકશે?સૌથી મહત્વની વાત મારાં તમારા જેવા સામાન્ય ૮૫ કરોડ મધ્યમવર્ગના અદના ભારતીયના રોજિંદા જીવનમાં શું ફેરફાર થવાના છે? કે કઈ પણ ફરક પડવાનો નથી?ભારતના અને ભારતીયોના વર્તમાન જનજીવન ઉપર ચન્દ્ર ઉપરના મિશનથી ક્યારે અને કેટલા ફાયદાઓ થવાના છે? શું અસરો થવાની છે? કે અસરો થવાની નથી?વૈજ્ઞાનિક શોધ સંશોધનો અને ગોળ વિજ્ઞાનમા વધુ મોટી છલાંગો મારવાથી વર્તમાન સમાજને હક્કીતમા વાસ્તવમાં શું લાભો થવાના છે?આપણા દેશ આપણા શહેર આપણા ગામમા ઝુંપડાઓમા વસ્તી લાખોની વસ્તીને અને ફૂટપાથો પર દયનીય જીવન જીવતા લોકોને એક સમયનો રોટલો આપને હજી સુધી આપી શક્યા નથી એક કાચા અંદાજ મુજબ ૧૮ કરોડ ભારતીયોના નસીબમા બીજા સમયનું ભોજન નથી.એક સમયનું ભોજન મળે છે પણ બીજા સમયનું ભોજન મળતું નથી લાખો લોકો નર્ક જેવા દોઝખમા જીવી રહ્યા છે રહેવા માટે ઘર નથી રાતે ફૂટપાથ પુલ કે બ્રિજની નીચે સુઈ રહે છે ભારતનું ભાવી ફૂટપાથ પર દમ તોડી રહ્યું છે શિક્ષણ મળવાનો તો સવાલ જ નથી ભણવા જાય તો ઘર કોણ ચલાવે?માત્ર ગુજરાતની વાત કરીએ તો ૧ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ અધવચ્ચે શાળા છોડી ચુક્યા છે ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે ઘરનો મોભી કંટાળીને સામુહિક આત્મહત્યા કરે છે હોસ્પિટલ દવાખાના સારવારની તો વાત જ કરવા જેવી નથી?

મોંઘવારીમા બે છેડા ભેગા કરવા કે ઈસરો શું છે એ સમજવું એ ભારતના મધ્યમ વર્ગના પરિવારોને સમજ પડતી નથી.

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

## ઈસરો દ્વારા ચંદ્રયાન -૩નું સફળતાપૂર્વક ઉતરાણ થવા બદલ ઈસરોના વૈજ્ઞાનિકો ને ખૂબ ખુબ અભિનંદન...




ચંદ્રની ધરતી પર ઉતરાણ કરાવવા લેન્ડરનો અતિ મહત્વનો રોલ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

લેન્ડર અંતર્ગત ડિજિટલ પ્રોસેસિંગ યુનિટ આ લેન્ડર નું બ્રેઈન છે.. જે ચંદ્રની ધરતી પર રોવર ની સલામત ઉતરાણ માટે ની કામગીરી કરે છેઆજે મારા(મહેન્દ્ર પટેલ, દાસ .કોર્પોરેટર વોર્ડ ૧૦.ગાંધીનગર)પરિવાર માટે અત્યંત ગૌરવ નો દિવસ રહ્યો. .. મારી દીકરી કેયુરી પટેલ આ મિશન નો એક ભાગ હતી કે જે લેન્ડર ની ડીઝાઈન તથા પ્રોજેક્ટ ટીમ ના સભ્ય છે... આ પ્રોજેક્ટ તેના પરીક્ષણ માંથી ઉત્તીર્ણ થયો તે બદલ દીકરી કેયૂરી પટેલ અને તેની ટીમ ને ખુબ ખુબ અભિનંદન

## ચાણસ્મા શહેરમાં રાખડી ખરીદવામાં બહેનોમાં ભારે ઉત્સાહ

ચાણસ્મા શહેર ખાતે આવેલ બસ સ્ટેશન,મુખ્ય બજાર તેમજ સરદાર ચોક ખાતે રાખડીઓના સ્ટોલ ઉભા કરી દેવાયા છે. ત્યારે ચાણસ્મા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ની મહિલાઓ દ્વારા પોતાના ભાઈની રક્ષારૂપી કવચ એટલે કે રાખડી ની હોંશે હોંશે ખરીદી કરતી કેમેરામાં કેદ થવા પામી હતી.

પવિત્ર શ્રાવણ મહિનાની અંદર આવતી નાળીયેરી પુનમ એટલે કે બળેવ તેમજ રક્ષાબંધન આ તહેવાર ભાઈ બહેનના પવિત્ર હેતનો તહેવાર ગણવામાં આવે છે. તેમજ બહેન પોતાના વ્હાલસોયા ભાઈને કાંડે રક્ષારૂપી રાખડી બાંધી પોતાની રક્ષા કરાવાનું વચન લેતી હોય છે. ત્યારે આ તહેવાર સ્નેહથી ધામધુમપૂર્વક ઉજવાય છે. ત્યારે રક્ષાબંધનના તહેવાર ને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા શહેર ખાતે રંગબેરંગી તેમજ અવનવી વેરાયટીમાં તેમજ પ્રાકૃતિક રાખડીઓના સ્ટોલ ઉભા કરી દેવાયા છે. ચાણસ્મા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ની સમગ્ર મહિલાઓ દ્વારા હોંશે હોંશે રાખડીઓની ખરીદી કરતી જોવા મળી રહી છે. બહેનો પોતાના ભાઈ દેશ-વિદેશ કે રાજ્યમાં રહેતો હોવાથી અત્યારથી ખરીદી ટપાલ કી કુરિયર દ્વારા રાખડીઓ મોકલાવતી નજરે પડી રહી છે.ચાણસ્મા બજારમાં અવનવી વેરાઈટી વાળી રૂ.૫ થી ૩૦૦ રૂ. સુધીની રાખડીઓ જોવા મળી રહી છે. રાખડી ના વેપારી વિજયભાઈ દેવીપુજક એ જણાવ્યું હતું કે રાખડી બનાવવા ના કાચા માલ સામાન ના ભાવ વધતાં ગત સાલ કરતા રાખડીના નંગ પર વીસ ટકા નો વધારો થયો છે.

રિપોર્ટર - નિખીલ જોષી પાટણ બ્યુરો

## અરવલ્લી જિલ્લા ખાતે રાખીમેળા-૨૦૨૩નુ ઉદઘાટન



**અરવલ્લી જિલ્લા ખાતે રાખીમેળા-૨૦૨૩ નુ ઉદઘાટન જિલ્લા કલેક્ટરશ્રી,માન.નિયામક સાહેબશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અરવલ્લી જીલ્લા લાઈવલિહૂડ મેનેજરશ્રી, તાલુકાના એન.આર.એલ.એમ સ્ટાફ, તેમજ અન્ય મહિલા સ્વ - સહાય જૂથોની હાજરીમાં નગરપાલિકા ટાઉન હોલ, મોડાસા અને જિલ્લા પંચાયત મોડાસા ખાતે રક્ષાબંધન પર્વને ધ્યાને રાખી અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકાની સ્વસહાય જૂથની બહેનો દ્વારા સ્વ-ઉત્પાદિત રાખડી તેમજ અન્ય અવનવી ચીજવસ્તુઓની ખરીદી અને જૂથની બહેનોને આર્થિક રીતે સધ્ધર બનાવવાના ઉમદા હેતુથી મહિલાઓની આજીવિકા મળી રહે તે અર્થે તા.૨૨/૦૮/૨૦૨૩ થી ૨૮/૦૮/૨૦૨૩ સુધીનો રાખી મેળા ૨૦૨૩ નેખુલ્લો મૂકવામાં આવ્યો.તો સર્વે જાહેર જનતા ને ત્યાંથી રાખડી તેમજ સખી મંડળ ની બહેનો ની અન્ય ઉત્પાદિત ચીજ વસ્તુઓ ની ખરીદી કરવા નમ્ર અપીલ છે.**

## પોતાની ખામીઓ ને સુધારો-સંત રાજીન્દર સિંહજી મહારાજ



દરેક ક્ષણે બદલાતી આ જિંદગીમાં આપણે બહુ જ લોકોથી મળીએ છીએ અને બહુ જ મુશ્કેલીઓનો સામનો કરીએ છીએ. જો આપણે આપણા મનને ખુલ્લું છોડી અને દરેક બીજા માણસ ના વચનો અને કાર્યો પર ટીકા ટિપ્પણી કરવા દઈએ તો આપણે તે ટેપ રેકોર્ડર જેવા બનીશું કે જે દરેક ઘટનાને વારંવાર સંભળાવે છે. આપણો દરેક શ્વાસ કીમતી છે જો આપણે તેને ફક્ત બીજાની આલોચના કરવામાં વ્યતીત કરી દઈશું તો આ જિંદગી બરબાદ થઈ જશે. અને પછી કોણ જાણે કે આવતી જિંદગીમાં આપણે શું બનીશું? પ્રભુએ આપણને દરેક બીજા મનુષ્યની આલોચના કરવાની નોકરી નથી આપી. આપણે તો આપણી પોતાની આલોચના કરવી જોઈએ.

આપણે આપણા બધા ખરાબ વિચારો, વચન અને કાર્ય નો ત્યાગ કરીને પોતાની અંદર સદગુણો ધારણ કરીએ. આપણે આપણી બીજાની ભૂલો અને ખામીઓ તરફ સહાનુભૂતિથી દેખાવું જોઈએ જેવી રીતે કે જ્યારે એક શિશુ અથવા નાનું બાળક ભૂલ કરે છે તો આપણે તેની નિંદા કરતા નથી.જો આપણે આપણી રોજબરોજની જિંદગીમાં બીજા પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ને અપનાવી શકીએ તો આપણે જોઈશું કે પ્રભુ આપણાથી ખુશ છે અને વધારે થી વધારે પોતાની દયા વરસાવે છે. પછી આપણે આપણી ચારો તરફ ના લોકો માટે શાંતિ અને પ્રેમનો સ્ત્રોત બની જઈશું. જેનાથી આપણી ઉન્નતી ઝડપી થશે અને આપણામાં બીજા બધા સદગુણો પણ આવતા જશે.

જો આપણામાંથી દરેક મનુષ્ય આ મહાન લક્ષ્યને મેળવી શકે તો આપણે આ ધરતી સુવર્ણ યુગમાં પહોંચી જશે જેમાં કોઈ યુદ્ધ અને લડાઈ થશે નહીં. આપણે એવા સંસાર મેળવી શકીશું જેમાં દરેક મુશ્કેલી અને ઝઘડા નું સમાધાન શાંતિપૂર્ણ થશે.




**ભારતીય ઈતિહાસના સુવર્ણ અક્ષરોમાં લખાયેલ ચંન્દ્રયાન-૩ના સફળ ઉતરાયણની પળોના સાક્ષી બનેલા બ્રાઈટના વિધ્યાર્થીઓ.**

## સદભાવના વૃધ્ધાશ્રમને નિઃસંતાન, નિરાધાર માવતર જોઈએ છે. નિઃશુલ્ક પ્રવેશ અપાશે

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિઃસંતાન, પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે. યથાશકિત સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિઃસહાય, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ, રાજકોટ) સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરાઈ છે. આ અંગે વધુ માહિતી માટે સદભાવના વૃદ્ધાશ્રમ (મો. ૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## બંસી ગીર ગૌશાળા દ્વારા તા. ૦૩/૦૯/૨૦૨૩,રવિવારે 'ગૌ-કૃપા કૃષિ અને ગૌ પાલન પ્રશિક્ષણ' શિબિરનું નિઃશુલ્ક આયોજન

બંસી ગીર ગૌશાળાની સ્થાપના ૨૦૦૬ માં શ્રી ગોપાલભાઈ સુતરીયા દ્વારા ભારતની પ્રાચીન વૈદિક સંસ્કૃતિને પુનર્જીવિત કરવા, પુનઃસ્થાપિત કરવાના પ્રયાસરૂપે કરવામાં આવી હતી. વૈદિક પરંપરાઓમાં, ગાયને દૈવી માતા, ગૌમાતા તરીકે આદરવામાં આવતી હતી જે આરોગ્ય, જ્ઞાન અને સમૃદ્ધિ આપે છે. સંસ્કૃતમાં, ×ગો× શબ્દનો અર્થ ×પ્રકાશ× પણ થાય છે.આજે, બંસી ગી ગૌશાળા ગીર જાતની ૭૦૦ થી વધુ ગૌમાતાઓ અને નંદીઓથી આશીર્વાદિત છે. ગોપાલભાઈના નેતૃત્વ હેઠળ, ગૌશાળા તેના કાર્યક્ષેત્ર અને કાર્યક્ષેત્રમાં ગોપાલનમાં શ્રેષ્ઠતાના કેન્દ્ર કરતાં ઘણી આગળ વધી ગઈ છે. ગૌશાળા આયુર્વેદમાં નવીન ફોર્મ્યુલેશન વિકસાવી રહી છે, પ્રાકૃતિક ખેતીમાં નવી પદ્ધતિઓ દાખલ કરી રહી છે અને પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીને પુનર્જીવિત કરવા માટે નક્કર પ્રયાસો કરી રહી છે.

બંસી ગીર ગૌશાળા દ્વારા તા. ૦૩/૦૯/૨૦૨૩,રવિવારે સવારે ૧૦ થી ૫ વાગ્યા દરમ્યાન 'ગૌ-કૃપા કૃષિ અને ગૌ પાલન પ્રશિક્ષણ' શિબિરનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન બંસી ગીર ગૌશાળા, અમદાવાદ, ગુજરાત ખાતે કરવામાં આવ્યું છે. આ શિબિરમાં રજીસ્ટ્રેશન કરાવવા માટે તેમજ આ અંગે વધુ માહિતી મેળવવા માટે (મો. ૯૩૧૬૭ ૪૬૯૯૦), (મો. ૭૪૮૭૦ ૬૪૩૯૫), (મો. ૬૩૫૧૦ ૦૦૩૪૯), (મો. ૬૩૫૧૯ ૭૯૭૦૯) પર સંપર્ક કરવા જણાવાયું છે.




## ચાણસ્મા શહેરમાં રાખડી ખરીદવામાં બહેનોમાં ભારે ઉત્સાહ

ચાણસ્મા શહેર ખાતે આવેલ બસ સ્ટેશન,મુખ્ય બજાર તેમજ સરદાર ચોક ખાતે રાખડીઓના સ્ટોલ ઉભા કરી દેવાયા છે. ત્યારે ચાણસ્મા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ની મહિલાઓ દ્વારા પોતાના ભાઈની રક્ષારૂપી કવચ એટલે કે રાખડી ની હોંશે હોંશે ખરીદી કરતી કેમેરામાં કેદ થવા પામી હતી.

પવિત્ર શ્રાવણ મહિનાની અંદર આવતી નાળીયેરી પુનમ એટલે કે બળેવ તેમજ રક્ષાબંધન આ તહેવાર ભાઈ બહેનના પવિત્ર હેતનો તહેવાર ગણવામાં આવે છે. તેમજ બહેન પોતાના વ્હાલસોયા ભાઈને કાંડે રક્ષારૂપી રાખડી બાંધી પોતાની રક્ષા કરાવાનું વચન લેતી હોય છે. ત્યારે આ તહેવાર સ્નેહથી ધામધુમપૂર્વક ઉજવાય છે. ત્યારે રક્ષાબંધનના તહેવાર ને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા શહેર ખાતે રંગબેરંગી તેમજ અવનવી વેરાયટીમાં તેમજ પ્રાકૃતિક રાખડીઓના સ્ટોલ ઉભા કરી દેવાયા છે. ચાણસ્મા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ની સમગ્ર મહિલાઓ દ્વારા હોંશે હોંશે રાખડીઓની ખરીદી



કરતી જોવા મળી રહી છે. બહેનો પોતાના ભાઈ દેશ-વિદેશ કે રાજ્યમાં રહેતો હોવાથી અત્યારથી ખરીદી ટપાલ કી કુરિયર દ્વારા રાખડીઓ મોકલાવતી નજરે પડી રહી છે.ચાણસ્મા બજારમાં અવનવી વેરાઈટી વાળી રૂ.૫ થી ૩૦૦ રૂ. સુધીની રાખડીઓ જોવા મળી રહી છે. રાખડી ના વેપારી વિજયભાઈ દેવીપુજક એ જણાવ્યું હતું કે રાખડી બનાવવા ના કાચા માલ સામાન ના ભાવ વધતાં ગત સાલ કરતા રાખડીના નંગ પર વીસ ટકા નો વધારો થયો છે.

રિપોર્ટર - નિખીલ જોષી પાટણ બ્યુરો

## પાટણ ભીલડી રેલ્વે ફાટક અંડરબ્રીજ કરવા છ જેટલી સોસાયટીના રહીશોએ કરી માંગ

પાટણાથી ભીલડી જતી રેલ્વે લાઈન પર પાટણની સેવન વિહાર તેમજ અન્ય સોસાયટી પાસે આવેલ હોવાથી અવરજવર મા ભારે મુશ્કેલી પડી રહેતી હોવાથી છ જેટલી સોસાયટીના રહીશો દ્વારા કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપી અંડરબ્રીજ બનાવવાની માંગ કરાઈ છે




પાટણ શહેરની અંદર આવેલ સેવન વિહાર. સાઈવિલા બંગલોઝ. દેવ વિનાયક. જય બંગ્લોઝ . સૃષ્ટી એવન્યુ . ઝીલ રેસીડેન્સીના રહીશોએ કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ઉપરોકત સોસાયટીઓમાં ૫૦૦ કરતા પણ વધુ લોકો વસવાટ કરે છે અને દસ હજાર જેટલા માણસો રોજીંદી અવરજવર કરે છે તેમજ બાળકોના અભ્યાસ માટે ધંધા માટે જવા સહિત આ માર્ગ સરળ છે તેમજ અવરજવર માટે એક માત્ર રસ્તો હોઈ અવરજવરમાં ફાટક હોવાથી ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ૪૨ સીની જગ્યાએ અંડરબ્રીજ બનાવવામા આવે તેવી માંગ કરાઈ હતી

રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યૂરો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.